# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ફિઓના સયુંકત ઉપક્રમે નિકાસકારો માટે બે દિવસીય "EXPORT BUSINESS" અંગે સર્ટીફીકેટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ફેડરેશન ઓફ ઈન્ડીયન એક્ષપોર્ટ ઓર્ગેનાઈઝેશન, અમદાવાદના સંયુકત ઉપક્રમે તા.૨૧ અને ૨૨-૧૨-૨૦૨૩ ના રોજ બે દિવસીય "EXPORT BUSINESS" અંગે હોટલ સયાજી, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ ખાતે સર્ટિફિકેટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમાં મુખ્ય મહેમાન તરીકે રાજકોટ જોઈન્ટ ડીજીએફટીશ્રી રોહિત સોની ઉપસ્થિત રહયા હતા.

પ્રોગ્રામના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા ઉપપ્રમુખ અને ફિઓના કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી નિકાસકારોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડેલ તેમજ કોઈપણ મુશ્કેલી કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બરનો સંપર્ક કરવા અનુરોધ કરેલ.

પ્રોગ્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રાજકોટ જોઈન્ટ ડીજીએફટીશ્રી રોહિત સોનીએ જણાવેલ સરકાર દ્વારા નિકાસને વધુ ને વધુ વેગ મળે તે માટે સતત પ્રયત્નશીલ છે તેમજ તે માટે ઘણી સ્કીમો અમલમાં મુકેલ છે. તો તેનો ખાસ લાભ લેવો તથા નિકાસને લગતી કોઈપણ તકલીફ પડે તો ડીજીએફટી ઓફિસ સંપૂર્ણ સહયોગ આપવા તત્પર રહેશે.

પ્રોગ્રામના મુખ્ય વકતાશ્રી મિહીરભાઈ શાહએ બે દિવસ દરમ્યાન "EXPORT BUSINESS" અંગે વિસ્તૃત માહિતી આપેલ. જેમાં ખાસ કરીને કંપની ફોર્મેશન, IEC રજીસ્ટ્રેશન, RCMC, AD CODE & BANK REGISTRATION, ICEGATE લોગીન તથા ડોકયુમેન્ટસ, ઈન્ટરનેશનલ બાયર કેવી રીતે શોધવા, પ્રોડકટનું સિલેકશન તથા માર્કેટ, વિવિધ ટ્રેડ એગ્રીમેન્ટ, એકઝીબીશન-ટ્રેડશો તથા ડેલીગેશન, HSN કલાશીફીકેશન, ઈન્કોટર્મ્સ ૨૦૨૦, એક્ષપોર્ટ ઈન્સેન્ટીવ્સ EPCG, Advance Authorisation, DFIA, Duty Drawback, RoDTEP, RoSCTL, Status Holder Certificate, GST Refund on account of Export, Interest Equalisation Scheme, નિકાસને લગતા વિવિધ ડોકયુમેન્ટ, નિકાસ પ્રક્રિયા, સર્ટીફીકેટ ઓફ ઓરીજીન, eBRC વગેરે મુદાઓ પર વિસ્તૃત માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવી. તેમજ ઉપસ્થિત નિકાસકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે યોગ્ય પ્રત્યુતર પાઠવેલ. તેમજ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન ફિઓ, ગુજરાત વેસ્ટર્ન રીજીઓનના હેડશ્રી જયપ્રકાશ ગોયેલએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.